માનવતાની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે, વેર-ઝેરના પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૯૧ | ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૦, રવિવાર; અ. આસો સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૪૩૨ |
| અમદાવાદ | ૧૭૮ |
| ગાંધીનગર | ૩૯ |

# દેશમાં કોરોના રિકવરી રેટ ૮૦ ટકાએ પહોંચ્યો

**રિકવરી રેટમાં ભારત અમેરિકાથી આગળ : ૨૪ કલાકમાં ૯૫,૮૮૦ લોકો ચેપ મુક્ત થયા : દેશમાં અત્યાર સુધીમાં ૪૨૦૮૪૩૧ દર્દી સાજા થયા : ૧,૨૪૭ ચેપગ્રસ્ત લોકોનાં મોત થયા : સારવારની દિશામાં ભારત સતત આગળ વધી રહ્યું છે**



નવી દિલ્હી, તા. ૧૯

ભારતમાં ખૂબ જ ઝડપી કોરોના વાયરસના કેસ સામે આવી રહ્યા છે. જો કે, રિકવરી મામલે પણ ભારતે હવે તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. આરોગ્ય મંત્રાલયે શનિવારે કહ્યું હતું કે, કોવિડ -૧૯ દર્દીઓની રિકવરીની દ્રષ્ટિએ ઐતિહાસિક વૈશ્વિક સિદ્ધિ હાંસલ કરીને ભારતે યુએસને પાછળ છોડી દીધું છે અને આ મામલામાં ટોચનું સ્થાન મેળવ્યું છે. મંત્રાલયે કહ્યું કે દેશમાં અત્યાર સુધીમાં ૪૨,૦૮,૪૩૧ કોવિડ - ૧૯ દર્દીઓ સ્વસ્થ બન્યા છે, જે વિશ્વના તમામ દેશોમાં ચેપ મુક્ત દર્દીઓમાં સૌથી વધુ સંખ્યા છે. દેશમાં કોરોનાથી સ્વસ્થ થવાનો દર આશરે ૮૦ ટકા જેટલો થઈ ગયો છે, જ્યારે કોરોનાથી મૃત્યુ દર ઘટીને ૧.૬૧ ટકા થઈ ગયો છે. મંત્રાલયે કહ્યું, 'ભારતમાં હવે વિશ્વવ્યાપી કોરોના વાયરસથી સાજા થનારા લોકોની સંખ્યામાં આશરે ૧૯ ટકા લોકો છે. જેનાથી રાષ્ટ્રીય દર મજબૂતી સાથે સુધારા સાથે ૭૯.૨૮ ટકા થયો છે.'

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વમાં કોરોનાની નવ રસી ટ્રાયલના અંતિમ તબક્કામાં

**ઓક્સફર્ડ, એસ્ટ્રાઝેનેકાની સીએચએડીઓએક્સ૧ કોરોના વેક્સિન સ્પર્ધામાં સૌથી આગળ હોવાનું હાલ મનાઈ રહ્યું છે : કોરોના રસીને લઈને જલદી ગુડ ન્યુઝ મળશે**

નવી દિલ્હી,તા.૧૯

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની અપડેટેડ લિસ્ટ મુજબ હાલ વિશ્વભરમાં કોરોનાની ૯ રસી ત્રીજા તબક્કાની ટ્રાયલ ચાલી રહી છે. છેલ્લા ૮ મહિનાથી કોરોના વાયરસે વિશ્વવ્યાપી વિનાશ સર્જી રહ્યો છે. આ રસી તાત્કાલિક મંજૂરી માટે તૈયાર છે કે કેમ તે જોવા માટે ડેટા એક મહિના પછી બહાર પાડવામાં આવશે. એકંદરે, અમે કહી શકીએ કે આવતા એક મહિનામાં કોરોના રસી વિશે ઘણા સારા સમાચાર મળી શકે છે. કોરોનાની જે ૯ વેક્સીન ટ્રાયલના અંતિમ તબક્કામાં છે. ઓક્સફર્ડ અને એસ્ટ્રાઝેનેકાની સીએચએડીઓએક્સ૧ કોરોના વેક્સીન સ્પર્ધામાં સૌથી આગળ હોવાનું માનવામાં આવે છે. જો કે. ટ્રાયલ દરમિયાન આડઅસર થતાં ટ્રાયલ અટકી ગઈ હતી. હવે ફરીથી ટ્રાયલ ફરી શરૂ કરવામાં આવી છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ તેની સાથે ઉત્પાદન માટે ભાગીદારી કરી છે. એવો દાવો કરવામાં આવે છે કે આ રસી ૨૦૨૧ સુધીમાં મળી જશે. અમેરિકન કંપની ફાઈઝર અને જર્મન કંપની બાયોએનટેકની રસી પણ અંતિમ તબક્કાના પરીક્ષણમાં છે. કંપનીઓએ કહ્યું છે કે જો ટ્રાયલ સફળ થાય તો સરકારને ઓક્ટોબરના અંત સુધીમાં વેક્સીનને મંજૂરી મળી શકે છે. ચાઈનીઝ કંપની કેન્સિનો ઓફ બાયોલોજીક્સની રસી એડીપ-

● અનુસંધાન પાન-૭ પર

# સંસદનું ચોમાસું સત્ર એક સપ્તાહ વહેલું ટૂંકાવાશે

**અનેક સાંસદો કોરોનાની ઝપેટમાં આવ્યા : કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી અને પ્રહલાદ પટેલ કોરોના સંક્રમિત, બંનેએ સંસદના ચાલુ સત્રમાં ભાગ લીધો હતો**

નવી દિલ્હી,તા.૧૯

કોરોના વાયરસના સંકટ વચ્ચે શરૂ થયેલું સંસદનું ચોમાસું સત્ર પોતાના નિર્ધારિત સમય પહેલા જ સમાપ્ત થઈ શકે છે. સંસદના બે વરિષ્ઠ અધિકારીઓએ જાણકારી આપી છે કે ૩૦ સાંસદ કોરોના સંક્રમિત માલુમ પડતા આ નિર્ણય લેવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે દેશમાં હાલ કોરોનાના કુલ કેસ ૫૩ લાખને પાર થઈ ગયા છે. સંસદનું ચોમાસું સત્ર ૧૪મી સપ્ટેમ્બરના રોજ શરૂ થયું છે. આ સત્ર પહેલી ઓક્ટોબર સુધી ચાલવાનું હતું. જોકે, બંને અધિકારીઓનું કહેવું છે કે સંસદનું ચોમાસું સત્ર એક અઠવાડિયા સુધી ટૂંકાવવામાં આવી શકે છે. સંસદ કાર્યવાહીમાં સામેલ બે અધિકારીઓમાંથી એક અધિકારીએ જણાવ્યું કે, સત્ર શરૂ થતા પોઝીટિવ કેસની સંખ્યા વધી ગઈ છે. આ કારણે સરકાર સત્ર વહેલા સમાપ્ત કરવા અંગે વિચારી રહી છે. સરકારે શનિવારે સત્રનું કવરેજ કરવા માટે સંસદમાં પ્રવેશ કરતા પત્રકારો માટે દરરોજ એન્ટીજન ટેસ્ટ પણ ફરજિયાત કરી દીધો છે.



લોકસભા અને રાજ્યસભાના સચિવાલયોએ સત્રના દિવસો ઘટાડવા અંગે જોડાયેલા સવાલનો હાલ કોઈ જવાબ આપ્યો ન હતો. જે સાંસદ કોરોના સંક્રમિત થયા છે તેમાં વડાપ્રધાન મોદીના કેબિનેટ મંત્રી નિતિન ગડકરી પણ સામેલ છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૦૭૭૫૪૪૧ | ૯૫૭૬૬૯ | ૨૨૪૦૮૮૪૭ |
| ભારત | ૫૩૪૯૬૪૫ | ૮૬૦૨૯ | ૪૨૪૮૭૭૦ |
| ગુજરાત | ૧૨૧૯૩૦ | ૩૩૦૫ | ૧૦૨૬૭૧ |
| ગાંધીનગર | ૩૧૮૦ | ૧૬૫ | ૨૫૭૨ |

### કાશ્મીર માટે ૧૩૫૦ કરોડના પેકેજની કેન્દ્રની જાહેરાત

જમ્મુ, તા. ૧૯

જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ રાજ્ય માટે ૧૩૫૦ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરી છે. આ સિવાય એક વર્ષ સુધી પાણી અને લાઈટના બિલમાં ૫૦ ટકાની રાહતનુ પણ એલાન કરાયું છે.તેમણે કહ્યું હતું કે, આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહેલા વેપારીઓ માટે મને પેકેજનું એલાન કરતાં ખુશી થઈ રહી છે.

### પ. બંગાળ અને કેરળથી અલ કાયદાના ૯ આંતકીની ધરપકડ

કોલકાતા, તા.૧૯

રાષ્ટ્રીય તપાસ એજન્સીએ આતંકવાદીઓના ખતરનાક ઈરાદાઓને નષ્ટ કરતા અલ કાયદાના ૯ ઓપરેટરોની ધરપકડ કરી છે.

3BHK FLAT SELLING
Near Raxa Circle. opp. NID.
175 yd built - up area.
East - West facing.
100% wind direction.
90% fully furnish. @60 LK
Call : 8511568737

# કેન્દ્રનું દેવું વધીને ૧૦૧.૩૦ લાખ કરોડ પર પહોંચી ગયું

**નાણા મંત્રાલયના રિપોર્ટમાં અપાયેલી માહિતી**

નવી દિલ્હી, તા. ૧૯

જીએસટીની આવક ઘટવાની સાથે કેન્દ્ર સરકારના માથે દેવું પણ વધી રહ્યું છે. આ વર્ષના જૂન મહિના સુધીમાં કેન્દ્ર સરકાર પરનું દેવું વધીને ૧૦૧.૩ લાખ કરોડ રૂપિયા સુધીનું થઇ ગયું હોવાની ચોંકાવનારી માહિતી ખુદ નાણાં ખાતાના એક રિપોર્ટમાં બહાર આવી છે. કેન્દ્ર સરકારનું આ દેવું રિલાયન્સની માર્કેટ કેપ કરતાં અનેક ગણું છે. આ વર્ષના માર્ચમાં રિલાયન્સની માર્કેટ કેપ ૧૬ લાખ કરોડ રૂપિયા હતી. એ સમયે સરકાર પરનું દેવું ૯૪.૬ લાખ કરોડનું હતું. કોરોના કાળમાં એ વધીને ૧૦૧.૩ લાખ કરોડ રૂપિયાનું થઈ ગયું હતું.

નાણાં મંત્રાલયે પોતાના જાહેર દેવાં અંગેના ત્રિમાસિક રિપોર્ટમાં આ ચોંકાવનારી હકીકત રજૂ કરી હતી.. ૨૦૧૯ના જૂનની આખરે આ સાર્વજનિક દેવું

● અનુસંધાન પાન-૭ પર

## શ્રદ્ધાંજલિ



**મનિષ વિક્રમભાઈ પટેલ**

સ્વ. તા. ૧૯/૯/૨૦૨૦

બેંકના કર્તવ્યનિષ્ઠ ચેરમેનશ્રી વિક્રમભાઈ કેશવલાલ પટેલના જયેષ્ઠ પુત્ર મનિષભાઈની નાની ઉંમરે ચીર વિદાય સમગ્ર બેંક પરિવાર માટે આઘાત સાથે દુઃખદ છે. અણધારી આવી પડેલી આ દુઃખદ ઘડીએ મનિષભાઈના પરિવારને પરમાત્મા દુઃખ સહન કરવાની શક્તિ આપે તથા મનિષભાઈના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના...

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

લિ.

**ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.**

પ્રવિણકુમાર ડી. પટેલ, વાઈસ ચેરમેન
વિપુલ આર. પટેલ, મેનેજીંગ ડિરેક્ટર

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

અશોકભાઈ જી. પટેલ
જયંતિભાઈ એમ. પટેલ
લાલસિંહ કે. વાઘેલા
અશોકભાઈ આર. પટેલ
ચંદ્રકાન્તભાઈ સી. પટેલ
નરેન્દ્રભાઈ એમ. શાહ
વિષ્ણુભાઈ આઈ. પટેલ
ઘનશ્યામભાઈ કે. પટેલ
મનુભાઈ બી. પટેલ
ડો. હિમાંશુભાઈ વી. પટેલ

દિપક એચ. શાહ, જનરલ મેનેજર તથા સમગ્ર બેંક પરિવાર

GANDHINAGAR'S EXCLUSIVE
INDUSTRIAL PARK ON 30 METRE T.P. ROAD
GUDA APPROVED | RERA REGISTERED
AB શ્રી અર્બુદા બિલ્ડર્સ TRUST IS OUR KEYSTONE
શુકન INDUSTRIAL PARK
INDUSTRIAL PLOTS STARTS FROM 650 SQ.YD.
AN IDEAL BUSINESS PLACE FOR
ENGINEERING | PLASTIC | TEXTILE | PHARMACEUTICAL
FOOD & AGRO | PRINTING | AUTOMOBILES
WAREHOUSE | COLD STORAGE | AND MANY MORE INDUSTRIES
RERA Regn. No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/PAA07336/140820
Site : Shukan Industrial Park, Nr. Jogni Mata Mandir, Nr. Sector-26 GIDC, Surve No. 1176, 1177, Pethapur, Gandhinagar.
Contact : 9998973875 / 9898988585

રામચંદ્ર મહારાજ ૯૮૨૪૦ ૫૪૦૯૨
શ્રી મહાકાલી
કેટરર્સ & ડેકોરેશન



શુભ પ્રસંગે રસોઈ, મીઠાઈ, જ્યુસ અને વી.આઈ.પી. રીસેપ્શન તેમજ લગ્ન પ્રસંગે ડેકોરેશન માટે મળો.
સ્પે. પ્યોર જૈન મેનુ બનાવી આપવામાં આવશે.
સ્પે. કેટરીંગ ડીશ કોન્ટ્રાક્ટના ઓર્ડર લેવામાં આવશે.
સેક્ટર-૨૮, જી.આઈ.ડી.સી., પ્લોટ નં. ૧૦૧/૧/બી, સાંવરીયા હોટલની પાછળ, શિવ ટિમ્બરની સામે, ગાંધીનગર
કોવિડ-૧૯ કોરોના વાયરસ અન્વયે સંપૂર્ણ કાળજી રાખીને રસોઈ અંગેની તમામ કામગીરી કરવામાં આવે છે.
૨૫, ૫૦, ૭૫ અને ૧૦૦ વ્યક્તિ સુધી કેટરીંગ સર્વિસ હાલ પુરતી ઉપલબ્ધ છે.